‘ उत्तिष्ठत जागृत प्राप्य वरान्नि

સંસારયાત્રા.

‘ धिया दृष्टेतरत्रे रमणमदनं जागतमिदम् ’

યોજક તથા પ્રવર્તક,

પ. હ. મેહેતા.

મૂલ્ય ૦-૧-૬

વિજ્ઞપ્તિ.

ધર્મની જે ચર્ચા ઇંગ્રેજી ભાષામાં ચાલી રહી છે તેનો લાભ ગૂજરાતિ વાચકવર્ગને આપવા માટે અધ્યાત્મચન્દ્રિકાની પ્રવૃત્તિ છે.

એ લાભ સહજ મળી શકે માટે એનું સાધન આવી પત્રિકાઓ રાખી છે. એ પત્રિકાના પ્રત્યેક અંકમાં એક એક સંપૂર્ણ વિષય લખાશે એક પત્રિકાના વેચાણ પ્રમાણે તે પછીની પત્રિકાઓ વહેલી મોડી પ્રસિદ્ધ થશે.

આ પત્રિકા ઉપયોગી જણાશે તો એના જેવાં જરા મ્હોટાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું બની શકશે.

હાઇસ્કુલ-ખંભાત.
સં. ૧૯૫૮ ના પોષ સુદ ૧૧.
જાનેવારી ૧૯૦૨.

પ. હ. મહેતા.

સંસારયાત્રા.

××× સત્ય સર્વનું છે દોષ દૃષ્ટાના છે.

સંસારયાત્રા એ શબ્દ સર્વના જાણ્યામાં છે. કથા પુરાણદ્વારા આ શબ્દ એટલો બધો સામાન્ય થઇ ગયો છે કે, એમાં શું અર્થ રહેલો છે, એ શું બતાવે છે, તેનો વિચાર ક્વચિતજ આવે છે. આ એકજ શબ્દમાં એટલો બધો અર્થ સમાએલો છે કે, જો તે બરાબર સમજાય તો, તેથી આપણું જીવનજ બદલાઇ જાય. આટલા માટે સંસારયાત્રા એટલે શું? એનો વિચાર કરવાની જરૂર છે. એ વિચાર કરતાંજ પ્રશ્ન ઉઠે છે કે, એ યાત્રા કોણ કરે છે? એ યાત્રાનું સ્વરૂપ શું છે? અને એ યાત્રાથી શ્રેય શો છે? સંસાર યાત્રાનો વિચાર કરતાં જે જે પ્રશ્નો ઉઠે છે તે સર્વનો આ ત્રણ પ્રશ્નમાં સમાસ થઇ જાય છે. આ ત્રણે પ્રશ્નનો સવિસ્તર વિચાર કરતાં, એ પ્રત્યેક પ્રશ્નનું એક એક પુસ્તક થાય તો પણ બસ ન થાય. છતાં અહિં તો એ વિષયનું માત્ર દિગ્દર્શનજ કરાવવું છે. તેથી એ ત્રણેનો સાપેજ વિચાર કરીશું.

૧. સંસારયાત્રા કોણ કરે છે ?

યાત્રાળુ—આ સંસારયાત્રા કોણ કરે છે એ પ્રશ્નનો ઉત્તર ઝટ દઇને દેવાય એમ છે. તે એ કે, એ યાત્રા જીવને છે. પણ ઘણીવાર બને છે તેમ અહિં પણ, આપણે જે શબ્દ વાપરીએ છીએ તેનો અર્થ બરાબર સમજીએ નહિ તો, બહુ ગૂંચવણ થવાનો સંભવ છે. જીવ એ શબ્દ જેટલો સામાન્ય બીજો શબ્દ ભાગ્યેજ હશે. જીવમાં શેનો શેનો સમાસ થાય છે તે તપાસતાં જણાય છે કે, એ શબ્દ જુદા જુદા પ્રસંગમાં, જુદા જુદા અર્થમાં, વપરાય છે. અહિં એનો અર્થ જીવાત્મા એટલોજ લઇશું. વળી, મનુષ્યના જે તત્વને ફરી ફરીને જન્મ લેવા રૂપ સંસાર યાત્રા થાય છે તે, આત્મા, જીવાત્મા, જીવ એવે નામે પણ ઓળખાય છે. એ આત્મા તેજ પરમાત્મા પણ છે, એમ પણ વાંચવા તથા સાંભળવામાં આવે છે. ત્યારે એ બધા શબ્દો વાપરતાં એ પ્રત્યેકનો શો અર્થ કરવાનો છે તે પ્રથમ જોઇ લઇશું.

પરમાત્મા—ઈશ્વર તેજ પરમાત્મા. એ એક એવું તત્વ છે કે જે અજ, અમર, પુરાણ પુરૂષ રૂપે વર્ણવાયું છે. એને જ વળી સર્વનું મૂલ કહ્યું છે. એને જ આધારે સૃષ્ટિનો નિર્વાહ

છે, એટલું જ નહિ પણ, એજ સૃષ્ટિરૂપે વિલસે છે. સૃષ્ટિનુ મૂલ શોધતાં, આર્ય તત્વચિંતકો એવો નિર્ણય કરી ગયા છે કે, અનેક પદાર્થો વાળી જે સૃષ્ટિ મનુષ્યના અનુભવમાં આવે છે, તે આ **પરમાત્માનીજ** લીલા છે. વસ્તુમાત્ર **પરમાત્માનાજ** અંશ છે. આવું એક પરમ તત્વ જે આ **પરમાત્મા** છે તેજ સૃષ્ટિનાં ઉત્પત્તિ, સ્થિતિ, અને લય કરે છે. એ ક્રિયાઓને લઇને તે ઇશ્વર કહેવાય છે. એ સર્વવ્યાપક છે. કોઇ પણ વસ્તુ એવી નથી કે જ્યાં એ ન હોય. ન્હાનામાં ન્હાની વસ્તુથી લઇને મ્હોટામાં મ્હોટી વસ્તુ પર્યન્ત સર્વમાં એ વ્યાપીને રહે છે; માટે જ એને ભૂતભર્તા કહ્યો છે. **પરમાત્માનું** આ સ્વરૂપ પરમ અવ્યક્ત છે. પણ એ સ્વરૂપ જ્યારે સૃષ્ટિરૂપે વિસ્તરે છે ત્યારે **આત્મા** કહેવાય છે. એ રૂપે, **આત્મા** સ્વરૂપે એક છતાં, અનેક દેખાય છે. માટે કહ્યું છે કે–

उपाधिभेदा त्स्वयमेवभिद्यते
उपाध्यपोहे स्वयमेव केवलम् ।

ઉપાધિને અભાવે પોતે કેવલ છતાં, એક અદ્વિતીય છતાં, ઉપાધિના સંબંધથી તે અનેક હોય એમ ભાસે છે.

ઉપાધિ ભેદ—જુદી જુદી ઉપાધિના યોગથી **પર-**

માત્મા જે એક છે તે અનેક હોય એમ ભાસે છે તે સ્થિતિમાં તેને આત્મા કહે છે. આ વાર્તા સમજવા માટે એક દૃષ્ટાન્ત લઈશું. જુદા જુદા રંગના કાચની બારીમાંથી સૂર્યનાં દર્શન કરતાં, ભૂરા કાચમાંથી સૂર્ય ભૂરો દેખાય છે, લાલમાંથી લાલ, અને પીળામાંથી પીળો દેખાય છે. સૂર્ય તો એકજ છે, છતાં જે વસ્તુ દ્વારા તેનાં દર્શન થાય છે તે વસ્તુના ધર્મના ભેદથી એ સૂર્યમાં પણ ભેદ ભાસે છે. એજ પ્રમાણે આત્મા જુદી જુદી ઉપાધિદ્વારા સ્ફુરતાં, તે એક અદ્વિતીય છતાં, અનેક હોય એવો ભાસ થાય છે. વળી એજ વાર્તા સમજાવવા બીજું એક દૃષ્ટાંત પણ સામાન્ય રીતે લેવાય છે. તે એ છે કે, જેમ સૂર્ય એક હોઈ વસ્તુમાત્રને એક સરખો પ્રકાશ આપે છે છતાં વસ્તુઓ પોતપોતાના સ્વભાવને અનુસારે એ પ્રકાશને ગ્રહણ કરી શકે છે તેમ એકજ પરમાત્મા, અનેક ઉપાધિઓ દ્વારા સ્ફુરતાં તે તે ઉપાધિઓના સ્વાભાવિક રૂપગુણ યુક્ત દેખાય છે. સૂર્યના તેજમાં સર્વ રંગો રહ્યા છે. એ સર્વ રંગ ત્યાં એકીભૂત છે. એ તેજ જ્યારે કોઈ વૃક્ષપર પડે છે ત્યારે તેમાં રહેલા બધા રંગમાંથી લીલા વિનાના સર્વ રંગો તે વૃક્ષ પોતાનામાં લઈ લે છે, અને લીલા રંગને પરાવર્તન પમાડે છે. આથી તે વૃક્ષ લીલું દેખાય છે. ગંધકનો સ્વભાવ એવો

છે કે તે પરથી સૂર્યના તેજમાંથી **પીળો** રંગ પરાવર્તન પામે છે, બીજા સર્વ તેમાં સમાઈ જાય છે તેથી તે પીળો દેખાય છે. તેમજ, જે પદાર્થો રાતા રંગને પરાવર્તન પમાડે છે તે રાતા કહેવાય છે. આજ પ્રમાણે **પરમાત્મા** એક છતાં જુદી જુદી ઉપાધિઓના સંબંધમાં, તે તે ઉપાધિનાં નામ રૂપે, એ **પરમાત્મા** જે તે ઉપાધિઓ દ્વારા સ્ફુરતાં **આત્મા** કહેવાય છે તે, જુદા હોય એમ ભાસે છે. **પર-માત્મા** એજ **આત્મા** છે; અને તે ઉપાધિ ભેદે અનેક ભાસે છે. વસ્તુતઃ મ્હારો **આત્મા**, તમારો **આત્મા**, તેનો **આત્મા** એવા ભેદ છે જ નહિ. **આત્મા** એકજ છે; પણ મ્હારી કહેવાતી ઉપાધિદ્વારા સ્ફુરતાં તે મ્હારો **આત્મા** કહેવાય છે, તમારી કહેવાતી ઉપાધિ દ્વારા સ્ફુરતાં તમારો **આત્મા** કહેવાય છે અને તેની કહેવાતી ઉપાધિદ્વારા સ્ફુરતાં તે તેનો **આત્મા** કહેવાય છે.

જીવાત્મા—આ પ્રમાણે ઉપાધિ સંબંધવાળો **આ-ત્મા**, જીવાત્મા કહેવાય છે. ત્યાં કહ્યું છે કે,—**जीवो धीस्थः चिदाभासः** બુદ્ધિરૂપ ઉપાધિમાં **આત્મા**-ચિત્‌નો જે આભાસ પડે છે તે જીવ કહેવાય છે. એજ જીવાત્મા પણ કહેવાયછે. બુદ્ધિ એક પ્રકારનું દ્રવ્ય છે, અને એ દ્રવ્યદ્વારા સ્ફુરતાં ચૈતન્યને બુદ્ધિશક્તિ કહેછે. વળી બીજે સ્થળે કહ્યું

છે કે, **आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः** **આ**ત્માને જ્યારે મન ઇન્દ્રિય આદિનો સંબંધ થાય છે ત્યારે તે ભોક્તા કહેવાય છે. **આ**ત્મા સ્વરૂપે તો ભોક્તા નથીજ, પણ જ્યારે તેને મન અને ઇન્દ્રિયનો સંબંધ થાય છે ત્યારે તેને ભોક્તૃત્વ પ્રાપ્ત થાય છે. આ મન, ઇન્દ્રિય છે તે અંતઃકરણના ઉપલક્ષક છે અહિં કહ્યું તેમાં અને ઉપર જે બુદ્ધિસ્થ ચિદાભાસ કહ્યો તેમાં કશો ફેર નથી. બુદ્ધિ એ અંતઃકરણનો માત્ર એક ધર્મ છે. ત્યારે જીવાત્મા એટલે અંતઃકરણ યુક્ત ચિદાભાસ. "હું કરૂંછું," "હું ભોગવુંછું" "હું જાણું છું," એવી જે ભાવના આપણને થાય છે તે આ જીવાત્માનેથાય છે, અને તેથીજ જીવાત્મા કર્તા ભોક્તા કહેવાય છે.

ચિદાભાસ એ શબ્દ જરા ધ્યાન આપી સમજી લેવા જેવો છે. ઉપર કહ્યું તેમ **આ**ત્મા એજ પરમાત્મા છે, અને એ પરમાત્મા સદા શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવનો છે, એટલે તેને તો કોઈ પણ ઉપાધિનું બંધન ઘટે નહિ; અર્થાત્ અંતઃકરણરૂપ ઉપાધિ **આ**ત્માને હોઇ શકે નહિ. એ ઉપાધિ જેનેછે, તે એ **આ**ત્મા જે ચિત્ છે તેનો આભાસ જ છે; **આ**ત્માને નહિ, પણ **આ**ત્માના પ્રતિબિંબને છે. આ પ્રમાણે જીવાત્મા એ **આ**ત્માનું એક પ્રકારનું પ્રતિબિંબ છે. એ પ્રતિબિંબમાં બુદ્ધિ અથવા અંતઃકરણના સંબંધથી 'હું' એવો ભેદભ્રમ

ખડો થાય છે. આ ભેદ કેમ સંભવે છે, એવો પ્રશ્ન થાય તો તેનો ઉત્તર એજ કે અજ્ઞાનને લીધે. અજ્ઞાન ક્યાંથી ? એવો પ્રશ્ન થાય તો તેનો પણ ઉત્તર છે. પરંતુ તેનો વિચાર અહિં કરતાં વિષયાન્તર વિશેષ થાય માટે તેને કોઈ યોગ્ય પ્રસંગને માટે રહેવા દઇશું. ઠીક, વળી બીજો એક પ્રશ્ન ઉઠે છે. તે એ કે, પ્રતિબિંબને કાંઇ બિંબથી સ્વતંત્ર સત્તા હોઇ શકે નહિ, ત્યારે જીવાત્માની સ્વતંત્ર સત્તા કેમ સંભવે ? સત્ય છે કે પ્રતિબિંબ સ્વતંત્ર હોઈ શકે નહિ. બિંબની સત્તાથીજ તેની સત્તા અને બિંબના લયથી તેનો લય થઇ શકે. વળી પ્રતિબિંબનો લય બિંબના લય વિના પણ સંભવે છે. જે ઉપાધિમાં પ્રતિબિંબ હોય તે ઉપાધિનો લય થતાં બિંબની સત્તા છતાં પ્રતિબિંબનો લય થઇ શકે છે. જ્યાં સુધી પ્રતિબિંબ પ્રતિબિંબ રૂપે રહે છે ત્યાં સુધી તેનામાં બિંબના જેવા ધર્મો રહે છે. તેથીજ સૂર્યના પ્રતિબિંબમાં અગ્નિ ધર્મ પ્રતીત થાય છે. સૂર્યના કીરણોનો સમૂહ એકાગ્રગામી કરવાથી તેમાંથી પ્રચંડ અગ્નિ ઉપજાવી શકાય છે. તેમજ જ્યાં સુધી પ્રતિબિંબ પ્રતિબિંબ રૂપે રહે છે ત્યાં સુધી, તેમાં બિંબનો સ્વભાવ પ્રવર્તે છે. એ સ્વભાવ કેટલે અંશે રહેછે તેનો આધાર જે ઉપાધિમાં તે પ્રતિબિંબ પડયું હોય છે તેના સ્વભાવપર રહે છે. એજ પ્રમાણે

જીવાત્મા જીવાત્મા રૂપે રહે છે ત્યાં સુધી તે એક વ્યક્તિ રૂપે રહે છે, અને તેની અંતઃકરણ રૂપ ઉપાધિની શુદ્ધ અશુદ્ધિના પ્રમાણમાં તેનામાં આત્મજ્યોતિ પ્રકાશે છે.

ગીતાજીમાં પણ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુન જે જીવાત્મા છે તેમાં અને પોતે જે આત્મા–પરમાત્મા છે તેમનામાં શો ભેદ છે તે બતાવ્યું છે. શ્રીકૃષ્ણને પોતાના પૂર્વ જન્મોનું જ્ઞાન છે, અને અર્જુનને નથી, એમ કહી એમણે શ્વેતાશ્વતર ઉપનિષદમાં બતાવેલો જ્ઞ અને અજ્ઞનો ભેદ સમજાવ્યો છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહ્યું છે કે, આત્મા અને શારીરાત્મામાં ભેદ છે, છતાં એકજ છે. અહિં ધ્યાનમાં રાખવાનું એટલુંજ છે કે, વસ્તુ માત્રમાં પ્રવૃત્તિનું જે મૂલ છે તે આત્મા છે. એ આત્મા પોતે અક્રિય છતાં અમુક સંજોગોમાં તે વસ્તુ માત્રની ઉત્પત્તિનું કારણ થાયછે. એ સંજોગોમાં વસ્તુ માત્રમાં જે ચૈતન્ય સ્ફુરે છે તે જીવાત્મા પણ કહેવાય છે.

આત્મા અજ છે, અમર છે, નિત્ય છે છતાં આ જીવાત્માનો જન્મ અમુક કાલે થાય છે. તેની ઉન્નતિ થાય છે, અને અંતે તેનો લય પણ થાય છે, આત્માને જીવત્વ પ્રાપ્ત થવું, એ જીવાત્માનો જન્મ કહેવાય છે. આ જીવત્વ આપણે કહી ગયા તેમ આત્માના આભાસનેજ થાય છે.

ત્યારે આ જીવત્વ ક્યારે અને કેમ પ્રાપ્ત થાય છે એ પ્રશ્ન થાય છે. એ પ્રશ્નનો વિચાર કરવા સૃષ્ટિ ઉત્પત્તિ કેમ થાય છે તે જોઇ લેવું જોઇએ.

अ. વિશ્વોત્પત્તિ.

પ્રકૃતિ અને પુરૂષ—સૃષ્ટિચિંતકો સૃષ્ટિનું સ્વરૂપ વર્ણવતાં કહી ગયા છે કે, એક અદ્વિતીય સત્, **નામ રૂપે** ભાસે છે. વળી **ગીતા**જીમાં કહ્યું છે કે, આ સૃષ્ટિમાં જે કાંઇ ઉદ્દભવે છે તે **પ્ર**કૃતિ પુરૂષના સંયોગથીજ થાય છે. અવ્યક્તને વ્યક્ત થવા આ બે અંશોની જરૂર છે. કોઇ પણ વસ્તુ એવી નથી કે જે કેવલ જડ કે કેવલ ચૈતન્ય હોય. જ્યાં જોઈશું ત્યાં, વસ્તુ માત્ર જડચેતનાત્મકજ છે, એમ જણાય છે. આમ છતાં વસ્તુ વસ્તુમાં જે ભેદ દેખાય છે તે, એ જડ અને ચેતનના અંશ, અને તેમની પ્રવૃત્તિના પ્રમાણને લઇને છે. આ વાત સમજાવવાને ઘણાં દૃષ્ટાન્તો અપાયાં છે. ત્યાં સૃષ્ટિમાં બે પક્ષ સ્વીકાર્યા છે; એક પિતૃ-પક્ષ, અને બીજો **માતૃપક્ષ**. **પ્ર**કૃતિ એ **માતૃ**પક્ષ છે, પુરુષ એ પિતૃપક્ષ છે. જેમ માતપિતાથી પુત્રની ઉત્પત્તિ છે, તેમજ સૃષ્ટિમાં પણ જડ અને ચેતનના સંયોગથીજ વસ્તુ માત્રની ઉત્પત્તિ છે.

માતૃપક્ષ અને પિતૃપક્ષ—જડ અને ચેતનને આ બે નાંમ આપવામાં બહુ ગૂઢ અર્થ રહેલો છે. ગીતાજીમાં કહ્યું છે કે, મહત્બ્રહ્મ રૂપ યોનિમાં શ્રીકૃષ્ણ ભગવાન ગર્ભ મૂકે છે અને તેથી ભૂતમાત્રની ઉત્પતિ થાયછે. અહિં બીજપ્રદ પિતા શ્રીકૃષ્ણ પોતે છે. પુરુષમાંથી ચૈતન્યનો જે પ્રવાહ વહે છે તેની ક્રિયા પ્રકૃતિપર થાય છે, અને એ ક્રિયાને પરિણામે, એ પ્રકૃતિનાં અનેક રૂપાન્તરો થાય છે. એ રૂપાન્તરો જેથી થાય છે તે ચૈતન્યના અંશરૂપ જે ઇશ્વરી ગર્ભ છે, તેનાજ ભોગ અને અપવર્ગને માટે પ્રકૃતિની પ્રવૃત્તિ છે. પ્રકૃતિને માતૃપક્ષ કહેવાનું કારણ એજ છે કે, પ્રકૃતિ એ એક પોષક દ્રવ્ય છે, એજ ચૈતન્યને ધારણ કરે છે, તેને પોષે છે, તેનાં ભોગનાં સાધન આપે છે. પુરુષને પિતૃપક્ષ કહેવામાં એ આશય રહેલો છે કે, જેને માટે પ્રકૃતિની પ્રવૃત્તિ છે, જે અંશ પ્રકૃતિદ્વારા ભોગનો સંગ્રહ કરી પોતાના પિતા પરમાત્માનુ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો છે તેનું મૂલ પુરુષ છે. આ પ્રમાણે આ બે પક્ષના સંયોગથીજ વસ્તુ માત્રની ઉત્પત્તિ છે, અને એ બે પક્ષના સંયોગથીજ આત્માને જીવત્વ પ્રાપ્ત થાય છે. સૃષ્ટિસર્ગનો ક્રમ શું છે તે હવે જોઇ લઇશું.

પ્રકૃતિ પુરૂષ રૂપ જે દ્વંદ્વમાંથી સૃષ્ટિ સંભવે છે તે

દ્વંદ્વના પ્રત્યેક અંશ ત્રિધા છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક છે, પુરૂષ સચ્ચિદાનન્દ છે. એ પ્રત્યેકમાં ત્રણ ત્રણ અંશ રહેલા છે, અથવા પ્રત્યેકનાં ત્રણ ત્રણ સ્વરૂપ છે. અહિ આપણને સૃષ્ટિની ઉત્પત્તિના ક્રમ સાથે વિશેષ સંબંધ નથી માટે એ ક્રમનો જે અંશ મનુષ્યોત્પત્તિનો વિચાર કરવામાં ઉપ-યોગી છે તેનુંજ દિગ્દર્શન કરીશું. એ ક્રમમાં મનુષ્યની ઉત્પત્તિ કયારે અને કેગ થઇ એ જોવું વિશેષ અગત્યનું છે.

ब મનુષ્યોત્પત્તિ.

પ્રથમ કાલ—જે કાલમાં સૃષ્ટિમાં મનુષ્ય ઉત્પન્ન થયાં ન હતાં તે કાલનો વિચાર કરતાં જણાય છે કે, મનુષ્યના જીવાત્માની ઉત્પત્તિ થયાં પહેલાં તેનો દેહ ઉપજે છે. જેપ્રમાણે ઘર બંધાયા પછી તેમાં વાસ પૂરાય છે, તેજ પ્રમાણે દેહ ઉત્પન્ન થયા પછી જ દેહી તેમાં આવી રહે છે. આ ક્રમનું સવિસ્તર વર્ણન પ્રસિદ્ધ પુસ્તકોમાં કહીં સ્પષ્ટ જોવામાં આવતું નથી, એમ વિદ્વાન જીજ્ઞાસુઓ કહે છે. એ વિચાર શ્રી મદ્ભાગવતમાં પુરંજનના આખ્યાન રૂપે સમજાવ્યો છે. ઐતરેયોપનિષદમાં જે કહ્યું છે કે, પરમાત્માએ પાણીમાંથી એક પુરૂષ ઉપજાવ્યો તે આ મનુષ્યોત્પત્તિનો પ્રથમકાલ સૂચવે છે.

હવે પાણીમાંથી મનુષ્ય ઉપજાવ્યું એનો અર્થ એટલોજ કે મનુષ્યનો **સ્થૂલદેહ પ્રકૃતિથી** ઉપજ્યો. પણ એ **દેહ પ્રકૃતિની** સ્વતંત્ર સત્તાથી ઉપજ્યો નથી એ બતાવવા માટે કહ્યું છે કે, **પરમાત્માએ** તે ઉપજાવ્યો. **આત્મા** **પરમાત્મા**, જે **સર્વાત્મા** પણ કહેવાય છે, તેનાથી સ્વતંત્ર આ દેહની ઉત્પત્તિ થઇ શકે જ નહિ. આ પ્રમાણે મનુષ્યોત્પત્તિમાં દેહની ઉત્પત્તિ પ્રથમ વર્ણવાઇ છે અને તેમાં પણ સ્થુલદેહ સર્વ દેહોમાં પહેલો ઉદ્ભવે છે.

દ્વિતીય કાલ—એજ ઉપનિષદમાં ત્યાર પછી કહ્યું છે કે, આ પ્રમાણે ઉપજેલા મનુષ્ય દેહમાં દેવતાઓએ પ્રવેશ કીધો. આ **દેવપ્રવેશ**–**સૂક્ષ્મશરીરની** ઉત્પત્તિ સૂચવે છે. **સ્થૂલદેહ** તો ઉત્પન્ન થયોજ હતો, પણ તેમાં ક્રિયા કરવાની શક્તિ નહતી. વ્યવહાર માત્રનું સાધન જે સૂક્ષ્મ અથવા લિંગ દેહ છે તેની ઉત્પત્તિ **સ્થૂલની** ઉત્પત્તિ થયા પછી થાય છે. એનેજ દેવપ્રવેશ રૂપે વર્ણવી છે. આ દેવપ્રવેશ વર્ણવતાં કહ્યું છે કે, **અગ્નિ વાક** થઇ **મુખમાં** પેઠો, **વાયુ પ્રાણ** થઈ **નાસિકામાં** પેઠો, **આદિત્ય ચક્ષુ** થઇ **આંખમાં** પેઠો, દિક **શ્રોત્ર** થઇ કર્ણમાં પેઠો, **ઔષધિ વનસ્પતિ** રૂપ **લોમ** થઇ ત્વચામાં પેઠો, **ચન્દ્રમા મન** થઈ **હૃદયમાં** પેઠો, **મૃત્યુ અપાન** થઇ **નાભિમાં** પેઠો, **આપ રેતસ**

થઇ શિશ્નમાં પેઠો. આમ દેવતાઓ ઇન્દ્રિય થઈ પોત-પોતાનાં સ્થાનદ્વારા તે દેહમાં જઇ રહ્યા. અહિં ધ્યાનમાં રાખવાનું છે કે, પ્રત્યેક દેવના પ્રવેશ સંબંધે, ત્રણ વસ્તુ જોવામાં આવે છે. એક તો દેવતા પોતે, બીજું ઇન્દ્રિય, અને ત્રીજી તેનું સ્થાન, દ્વાર. દેવતા, ઇન્દ્રિય અને ઇન્દ્રિય-દ્વાર એ ત્રણ જુદાં જુદાં સમજવાનાં છે.

દેવતા—દેવતાઓ સૃષ્ટિ વ્યવસ્થામાં ઇશ્વરના એક પ્રકારના અધિકારીઓ છે. એઓ સૃષ્ટિસર્ગના પ્રથમ કાલમાં જ ઉત્પન્ન થાય છે. સૃષ્ટિના જુદા જુદા લોકના દેવતા જુદા જુદા હોય છે. એમને કરવાનાં કાર્ય પણ જુદાં જુદાં હોય છે. જે કાર્ય મનુષ્યને સંબંધે તેમને કરવાનું છે તે વિષયસંબંધ કરાવી, સ્પર્શ કરાવી, ઇન્દ્રિયોને સ્વાર્થાનુસંધાન કરાવવાનું છે. એ માત્રા સ્પર્શથી રાગદ્વેષાદિ ઉપજી મનુષ્યને ભોગ થાય છે. પ્રથમ અનુભવનું મુખ્ય સાધન ઇન્દ્રિયો છે અને તેમના અધિષ્ઠાતા આ દેવતા છે. આટલા માટે દેવપ્રવેશ થવાની જરૂર છે. એ દેવતાઓએ પ્રવેશ કીધો એટલે જે તન્માત્રાઓના એ દેવતાઓના દેહ બંધાએલા છે, તે તન્માત્રા નામના સૂક્ષ્મ દ્રવ્યનો દેહ એ દેવતાઓએ ઉપજાવ્યો કે જેથી કરી માત્રા સ્પર્શ થઈ શકે અને તેમાંથી સુખ દુઃખના ભોગ ઉપજી

શકે. આ સૂક્ષ્મદેહનું કાર્ય એટલું જ છે કે માત્રાસ્પર્શ કરાવવો અને તેથી રાગદ્વેષાદિ ઉપજાવવાં.

ઇન્દ્રિય અને તેના ગોલકો—ઇન્દ્રિય છે તે એક પ્રકારની શક્તિ છે. એ શક્તિના પ્રવર્તક આ દેવતા છે. સામાન્ય રીતે મનાય છે તેમ, આ ઇન્દ્રિયો સ્થૂલદેહમાં રહેલી છે એમ નથી. એઓ સૂક્ષ્મદેહમાં જ રહે છે. જો સ્થૂલદેહમાં હોય તો ઉઘાડી આંખે ઉંઘતા મનુષ્યને વસ્તુદર્શન થવું જોઇએ પણ તેમ થતું નથી, તેમ જ મરી ગએલા મનુષ્યના સ્થૂલદેહમાં આંખ વિગેરે ઇન્દ્રિયદ્વારો છતાં તેને માત્રાસ્પર્શ થઈ શકતી નથી. આ પ્રમાણે એ ઇન્દ્રિયો સ્થૂલમાં નથી. દેવતાની શક્તિરૂપ એ ઇન્દ્રિયો, સૂક્ષ્મદેહના દ્રવ્યદ્વારાજ સ્ફુરી શકે, અને જ્યારે આવા સૂક્ષ્મદેહના દ્રવ્યમાં સ્ફુરણા થાય છે ત્યારે જ સ્થૂલદેહમાં રહેલાં ઇન્દ્રિયદ્વાર અથવા ગોલકો દ્વારા બાહ્ય વિષયનો સંબંધ થાય છે. એ ગોલકો અથવા ઇન્દ્રિયદ્વારો દ્વારા થએલા સંબંધથી જે ક્રિયા પછી એ સૂક્ષ્મ દ્રવ્યમાં થાય છે તેથી જ ઐન્દ્રિયક જ્ઞાન થાય છે.

ત્યારે આ દ્વિતીય કાલમાં મનુષ્યનો સૂક્ષ્મદેહ આંતર્દેહ ઉત્પન્ન થાય છે. એ દેહનો ધર્મ એ છે કે, તેમાં રહેલા જીવને બાહ્યસૃષ્ટિ સાથે સંબંધ કરાવી, તેને પરિ-

ણામે રાગદ્વેષ, હર્ષશોક, સુખદુઃખ વિગેરે ભાવનાઓ અને મનોવિકારો ઉપજાવવાં. આગળ સમજાશે કે આ પ્રમાણે આ સૂક્ષ્મદેહ મનુષ્યના ભોગનું એક મુખ્ય સાધનછે.

મનુનો મત—મનુસ્મૃતિમાં પણ મનુષ્યના બંધારણનો કાંઇક આવો જ વિચાર છે. ત્યાં કહ્યું છે કે, જે દેહ ક્રિયા કરવાનું સાધન છે, તે **ભૂતાત્મા** કહેવાય છે. પંચીકૃત ભૂતથી ઉત્પન્ન થએલા જે **સ્થૂલ** દેહવડે પંચભૂતાત્મક **સ્થૂલ**સૃષ્ટિમાં ક્રિયા થઇ શકે છે તે જ આ **ભૂ**તાત્મા છે. **શારીરઆ**ત્માને સ્થૂલભોગનું સાધન તે એજ છે. તે પછી, સુખ દુઃખનો ભોગ જે દેહથી થાય છે તે દેહને **મ**નુ, જીવ અથવા **અ**ન્તરાત્મા કહે છે. ઉપર જેને સૂક્ષ્મદેહ કહ્યો છે તે એજ છે, એ એના ધર્મ પરથીજ સ્પષ્ટ છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ આવું જ કાંઇક જોવામાં આવે છે.

આ પ્રમાણે જુદાં જુદાં શાસ્ત્રો અને પુસ્તકો તપાસતાં જણાય છે કે, મનુષ્યમાં મુખ્ય તત્વ **આ**ત્મા છે. એ **આ**ત્મા પ્રથમ બે દેહો ઉપજાવી લે છે. એક જે સ્થૂલદેહ કહેવાય છે તે સ્થૂલસૃષ્ટિના સ્પર્શ માટે, સ્થૂલભોગ માંટે છે; **અ**નેબીજો જે સૂક્ષ્મદેહ છે તે બાહ્યસૃષ્ટિનો સ્પર્શ કરી તે દ્વારા થતા સુખ દુઃખનો ભોગ કરાવવા માંટે છે.

સુખ દુઃખનો આ અનુભવ, **સૂક્ષ્મદેહ** દ્વારા થતા સૂક્ષ્મ ભોગનો એક અંશ છે. આ દેહો જીવને માટે જ રચાય છે, કે તેથી તેમાં રહેનાર જીવ તે દ્વારા પોતાની સંસાર યાત્રાનો શ્રેય મેળવી લે. એ યાત્રામાં તેને જે અનેક પ્રકારના ભોગ મેળવવાના છે, તે તે કેવી રીતે સંગ્રહે છે તેનું એક રૂપક આપ્યું છે. ત્યાં કહ્યું છે કે, પવન જેમ પુષ્પ ઉપર થઇને જતાં તેની વાસના માત્રનો જ સંગ્રહ કરે છે, પણ તે પુષ્પો ચૂંટી લેતો નથી, તેમ **શારીરઆત્મા**, એની વ્યક્ત સ્થિતિમાં એને થએલા ભોગ માત્રના સંસ્કારનો જ સંગ્રહ કરી લે છે. આવા સંસ્કારો પ્રત્યેક જીવને તેની સંસારયાત્રામાં સંગ્રહ કરવાના છે, અને જ્યારે એ સંસ્કારોનો અશેષ સંગ્રહ થઈ રહે છે ત્યારે તે તેથી મુક્ત થાય છે; જીવની યાત્રા પૂરી થાય છે.

જીવનું કાર્ય—આ પરથી સમજાય છે કે, જીવનું કાર્ય સંસ્કારોનો સંગ્રહ કરવાનું છે. બાહ્યસૃષ્ટિમાં આવતાં જે જે ભોગો થાય છે, તે ભોગ નહિ પણ તેના સંસ્કારનાં સંગ્રહ જ્યાં થાય છે તેઆ જીવ છે. જેમ જેમ એ સંસ્કારો સૂક્ષ્મ થતા જાય છે, અને વૃદ્ધિ પામે છે તેમ તેમ એ જીવનો શ્રેય થાય છે.

તૃતીયકાલઃ—અત્યાર સુધી તો મનુષ્યના સ્થૂલ

અને સૂક્ષ્મદેહો ઉત્પન્ન થયા છે. હવે એ દેહમાં વાસ પૂરનાર દેહી–જીવ નો ઉદ્ભવ થવાનો છે. ત્યાં ઐતરેયોપનિષદમાં કહ્યું છે કે, એ દેહમાં દેવપ્રવેશ થયા પછી તેમાં પરમાત્મા પોતે પેઠા. આ પરમાત્માના પ્રવેશથી જીવનો ઉદ્ભવ થયો કહેવાય છે. **अनेन जीवेन।** એ છાન્દોગ્ય શ્રુતિમાં પણ આમજ કહ્યું છે. દેવોએ જેમ એ દેહમાં પ્રવેશ કર્યો હતો તેમ પરમાત્મા પણ બ્રહ્મરંધ્રદ્વારા એ દેહમાં વસ્યા. પરમાત્માનો પ્રેવેશ થયો ત્યારથી મનુષ્ય આજ છે તેવું થયું. અર્થાત્ આત્માને જીવત્વ પ્રાપ્ત થયું.

આગળ આપણે કહી ગયા છીએ કે, સૃષ્ટિમાં બે પક્ષ છે. એ બે પક્ષોના સંયોગથી વસ્તુ માત્ર ઉદ્ભવેછે. એમાંના માતૃપક્ષથી મનુષ્યના દેહો ઉપજ્યા અને તે ઉદ્ભવી તેનો પિતૃપક્ષ સાથે સંબધ થતાં તેમાંથી જીવ નામનો પુત્ર ઉપજ્યો. શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે, મારોજ અંશ જીવલોકમાં જીવરૂપે રહે છે." આ પ્રમાણે પરમાત્માનો પ્રવેશ તે શ્રી કૃષ્ણનો અંશ જે જીવ છે, તેને સૂચવે છે. હવેથી મનુષ્યમાં કાંઈ ઉદ્ભવવાનું બાકી રહ્યું નથી.

ક્ષેત્રજ્ઞ:—મનુ આ જીવને ક્ષેત્રજ્ઞ કહે છે. શ્રી કૃષ્ણ ભગવાન પણ જીવને પરાપ્રકૃતિ અને ક્ષેત્રજ્ઞ એ નામ આપે છે, અને કહે છે કે, 'એ ક્ષેત્રજ્ઞ પણ મનેજ જાણ,'

આમ ક્ષેત્રજ્ઞ એજ જીમાત્મા તેમ પરમાત્મા છે. જીવાત્મા તથા પરમાત્મા સ્વરૂપે એક છતાં કાર્યતઃ જે ભેદ ભાસે છે તે કેવી રીતે છે તે સહજ સમજી શકાય છે. આત્માની ઉત્પત્તિ સંભવે નહિ, છ ાં જીવાત્માની ઉત્પત્તિ કેમ સંભવે એ પણ હવે કાંઈક સમજાયું હશે. જીવત્વ અનિત્ય છે; એને આદિ અને અંત છે. તેથીજ જીવાત્માની ઉત્પત્તિ થએલી કહેવાય છે અને તેનો લય પણ કહેવાય છે. સ્વરૂપના અજ્ઞાનને લીધે જે અધ્યાસ થાય છે, અને અંતઃકરણના ધર્મોનો પોતામાં જે આરોપ થાય છે, તેથી આત્મા જીવાત્મા રૂપે ભાસે છે. આમ થઈ "હું જ્ઞાનવાન છું" "હું ક્રિયાવાન છું" એવી વૃત્તિઓ ઉઠે છે ત્યારથી જીવાત્માની ઉત્પત્તિ થએલી ગણાય છે અને જ્યારે "હું બ્રહ્મ છું" એવો દૃઢ અનુભવ થાય છે ત્યારે તેનો લય થયો કહેવાય છે.

ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને શો ઉપદેશ કીધો હતો? તેણે તેની પાસે ન્યગ્રોધનું ફળ મંગાવી, તે મંગાવી, તેને પૂછ્યું, "એમાં શું દેખાય છે." ત્યારે શ્વેતકેતુએ કહ્યું, "એમાં ઝીણા ઝીણા દાણા છે." એ દાણા ભાંગી જોઇ તેમાં શું છે એવો પ્રશ્ન થતાં, શ્વેતકેતુએ કહ્યું કે, "એમાં કાંઈ નથી." એના ઉત્તરમાં ઉદ્દાલકે કહ્યું હતું કે, એ જ્યાં કાંઈજ નથી ત્યાંજ એક મ્હોટું ન્યગ્રોધનું વૃક્ષ છે. પિતા પુત્રના આ સંવાદમાં બહુ સૂક્ષ્મ

વિચાર રહેલો છે. એ અને એવાજ બીજા દૃષ્ટાન્તો દ્વારા ઉપદેશ કરવાની રૂઢી પ્રાચીન કાલથી ચાલી આવી છે. એનું કારણ એ છે કે, જે અદૃષ્ય છે, દૈવી છે તે શબ્દ દ્વારા સમજાવી શકાતું નથી. કારણ કે, શબ્દદ્વારા સમજાવતાં મૂલ વિચાર બહુ મર્યાદિત થાય છે. પણ એજ વિચાર જો કોઈ રૂપક કે જે મનથીજ ગ્રહ્ય હોય, તેવા રૂપકદ્વારા સમજાવાય તો તે સમજવો વિશેષ સરલ પડે છે. આટલા માટે જે ઠેકાણે દૃષ્ટાન્તો આપ્યાં હોય અથવા કોઈ રૂપકનો ઉપયોગ થયો હોય ત્યાં શું કહેવા માગ્યું છે તે પર મનન કરવાથી, તેને અધ્યાત્મદૃષ્ટિએ વિચારવાથીજ, તે વિચાર સમજી શકાય છે. આ વિચારોનો માત્ર સ્થૂલદૃષ્ટિએજ વિચાર કરવાનો પ્રચાર આજ ચાલુ છે, તેથીજ ઘણાં અમૂલ્ય સત્યો સમજાતાં નથી. ક્વચિત્ ક્વચિત્ તો એ વિચારો પરસ્પર વિરોધી હોય એમ પણ લાગે છે. માટે જીજ્ઞાસુએ તો વિચારમાત્ર અધ્યાત્મદૃષ્ટિએ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ, અને વિચારમાત્રના માત્ર સ્થૂલ સ્વરૂપનેજ બાઝી રહેવું જોઈએ નહિ.

હવે ઉદ્દિભજ વિદ્યામાં આજના પાશ્ચાત્ય શોધકોનો શો નિર્ણય છે તે જોઇએ. એક પુષ્પ લઈ તેનાપર શસ્ત્ર ક્રિયા કરી જોઇશું તો જણાશે કે, તેના મધ્ય ભાગમાં ઝીણાં ઝીણાં બીઆં જેવો પદાર્થ હોય છે. એ પદાર્થોને પણ

ફોડી સૂક્ષ્મદર્શકયંત્રવડે તપાસતાં જણાય છે કે તેમાં વળી સૂક્ષ્મબીજ રહેલાં હોય છે. એ સૂક્ષ્મબીજ એવું છે કે જો તે એમને એમ પડી રહે તો તે કરમાઇ જાય, અને તેમાંથી કાંઇ પણ ઉત્પન્ન થઇ શકે નહિ. પણ તેમ ન થતાં જો તેને એક બીજા પદાર્થ સાથે સંબંધ થાય તો તે સંયોગથી એક એવી વસ્તુ ઉપજે કે જે પુષ્પના જેવીજ હોય. એ પુષ્પમાં સુક્ષ્મમાં સૂક્ષ્મ જે બીજ છે તે એવું છે કે, તેમાંથી બીજું પુષ્પ ઉપજી શકે. પણ તેમ થવા, તેનાપર બીજી એક ક્રિયા થવાની જરૂર છે. અહિ સુધી તો એ પુષ્પના માતૃપક્ષનીજ ક્રિયા થઈ છે, અને તેનાથી એકલાથીજ જેટલું થાય તેટલું થઇ ચૂક્યું છે. પણ એ પુષ્પના પિતૃપક્ષનો તે સાથે સંબંધ થયા વિના, તેમાંથી પુષ્પ ઉપજી શકતું નથી. કેટલાક પુષ્પોમાં આ અંશ પણ રહેલો છે, બીજાં કેટલાકમાં એ અંશ જુદાજ પુષ્પ કે વૃક્ષમાં રહેલો હોય છે. અહિ આપણે જે જોવાનું છે તે એ છે કે, માતૃપિતૃપક્ષના સંયોગ વિના સંપૂણ બીજની ઉત્પત્તિ થતી નથી. એ નિયમ સર્વત્ર પ્રવર્તે છે કે, એ ઉભય પક્ષના સંયોગથીજ વ્યક્તિ માત્ર ઉદ્દભવે છે.

હવે આજ નિયમ આપણે મનુષ્યને લગાડીએ. આપણે જોઈ ગયા છીએ તેમ, સ્થૂલ અને સૂક્ષ્મદેહ એ મનુષ્યના માતૃપક્ષથી ઉદ્દભવે છે. એ બે દેહો, તેમાં રહેવા

આવનાર દેહીનો બાહ્યસૃષ્ટિ સાથે સંબંધ કરાવી આપી, તેને ભોગ મેળવી આપે છે. એ ભોગદ્વારા તેમાં રહેવા આવનાર દેહીનું તે પોષણ કરશે. એ ભોગદ્વારાજ જીવાત્માની ઉન્નતિ થાય છે.

મનુષ્યનો પિતૃપક્ષઃ—આ દેહોમાં જીવના જે અંકુર રહ્યા છે તે એવા છે કે એને એકલા પડી રહેવા દીધા હોય તો તેમાંથી જીવાત્મારૂપ વૃક્ષ ઉદ્ભવે નહિ. એટલા માટે અંકુરનું પોષણ કરવા પ્રોત્સાહન કરનાર, મનુષ્યના પિતૃપક્ષ સાથે તેનો સંબંધ થવો જોઇએ. એ પિતૃપક્ષ તે કુમારો છે.

કુમારઃ—પ્રત્યેક **મન્વન્તરના** આરંભમાં **બ્રહ્માના** જે **માનસપુત્રો** ઉત્પન્ન થાય છે, તે આ કુમારો છે. એઓ ઉત્પન્ન થઇ, પ્રજા ઉત્પન્ન કરી સૃષ્ટિ વસાવે છે. એઓ **પ્રજા** પતિના પુત્રો છે. **પ્રજાપતિ** જ્યારે પોતાના **માનસપુત્રોને** પ્રજોત્પત્તિ કરવા આજ્ઞા આપે છે, ત્યારે તેઓ સમુદ્રની નીચે જઇ, એક હજાર વર્ષ સુધી તપ કરી, પાછા પૃથ્વીપર આવી, પ્રજા ઉત્પન્ન કરે છે. આ **માનસપુત્રો** પૂર્વ **મન્વન્તરના** મહાત્માઓ છે.

આ પુરાણિક કથામાં સમુદ્રના તલમાં તપ કરવું એ પ્રલયકાલમાં બ્રહ્મને વિષેની તેમની સ્થિતિ સૂચવે છે. પ્ર-

જાપતિના એ માનસપુત્રો તે ધ્યાનનિષ્ઠ જ્ઞાનીઓ છે. તેમણે પૂર્વ મન્વન્તરમાં અંતઃકરણની શુદ્ધિદ્વારા ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરી લીધેલું હોય છે. તેમનું બુદ્ધિસત્વ ઉજ્વલ પ્રકાશમય હોવાથી, તેઓ પ્રજ્ઞાવાન હોય છે. સૃષ્ટિસર્ગ થયા પછી અનેક પ્રકારની વસ્તુઓ ઉત્પન્ન થતાં થતાં, જ્યારે મનુષ્યદેહ ઉત્પન્ન થાય છે, ત્યારે દેવથી ઉત્પન્ન થએલો દેહ જે સૂક્ષ્મદેહ અથવા કામરૂપ કહેવાય છે, તેમાં તેઓ પોતાનો અંશ પ્રેરે છે. આ અંશનો સંબંધ થતાં, દેહમાં રહેલા જીવના અંકુર ઉદ્દીપિત થાય છે અને પોષાય છે. પુરુષપ્રકૃતિનો સંયોગ થાય છે અને તે એમાંથી જીવ ઉદ્ભવે છે. આત્માને જીવત્વ પ્રાપ્ત થઈ તે જીવાત્મારૂપે રહે છે. જીવાત્માની ઉત્પત્તિ અહિંથી છે. એ પ્રમાણે ઉત્પન્ન થઈ સંસારયાત્રા પૂરી થતાં સુધી તે જીવાત્મા રૂપે રહે છે.

૨. સંસારયાત્રાનું સ્વરૂપ.

જીવાત્માની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે આપણે જોઈ ગયા. હવે એની સંસારયાત્રાનો ક્રમ શું છે તે જોઇશું. ઉપર કહ્યું છે કે, જીવાત્મા એજ આત્મા છે, બ્રહ્મ છે. તેથીજ જીવાત્મા સચ્ચિદાનન્દ સ્વરૂપ છે. બ્રહ્મના સત્, આનન્દ, અને ચિત્ એ ત્રણે અંશ જીવાત્મામાં રહેલા છે. એ એનામાં છે ખરા, પણ માત્ર અંશ રૂપેજ છે. જેમ જેમ

એ અંશો ખીલે છે, તેમ તેમ જીવની ઉન્નત્તિ થતી જાય છે. જીવને શિવ સ્વરૂપ થવા માટે, તેનામાં આ ત્રણે અંશોનો સંપૂર્ણ વિકાસ થવો જોઇએ.

ઋષિઓ:—પુરાણ વિગેરેમાં જોતાં જણાય છે કે પ્રત્યેક મન્વન્તરના આરંભમાં પ્રજાપતિના માનસપુત્રો જ્યારે પ્રજા ઉત્પન્ન કરે છે, ત્યારે તેમાં કેટલાક મહાન ઋષિ મુનિઓ પણ હોય છે. એ ઋષિ મુનિઓ તે મનુષ્યદેહમાં દેહી થઇ રહેલા માનસપુત્રોજ હોય છે. વળી એ ઉપરાંત, જેમ પ્રજાપતિએ માનસપુત્રો ઉપજાવ્યા હતા તેમ આ માનસપુત્રો પોતાના મનના અંશો ઉત્પન્ન કરે છે, અને એ અંશો મનુષ્યદેહમાં દેહી તરીકે રહે છે. આ અંશમાત્ર જેમનામાં રહ્યા છે એવા મનુષ્યજાતિના બાલજીવોની સર્વ વ્યવસ્થા આ ઋષિઓએ કરી હતી. એ ઋષિઓ એ મનુષ્યજાતિના બાલજીવોના વ્યવહાર અને પરમાર્થ બેઉની વ્યવસ્થા કરવા માટે તેમના રાજા, ઉપદેશક, વિગેરે થઇ રહ્યા હતા. આવી વ્યવસ્થા અમુક હદ સુધી ચાલી. એમની દેખરેખ નીચે મનુષ્યજાતિના ધર્મ કર્મની વ્યવસ્થા થઇ. એ બાલજીવો તેમને પિતાને સ્થાને માની બહુ પૂજ્ય ગણતા તે સાથંજ હતું. આ વ્યવસ્થાનો વિશેષ વિચાર અહિ અપ્રસ્તુત હોવાથી, અહિથી હવે બાલ જીવોની ઉન્નતિનો ક્રમ શું છે તે જોઇશું.

अ. જીવનો ઉન્નતિ ક્રમ.

પ્રથમ ભૂમિકાઃ—આ બાલજીવો કેવલ અજ્ઞ હોય છે. પોતાના દેહોમાં શું શક્તિ રહેલી છે, તેમજ બાહ્યસૃષ્ટિ શું છે તેનું કશું જ્ઞાન આ બાલજીવોને હોતું નથી. બાહ્ય વિષયના સંબંધમાં આવતાં તેમની ઇન્દ્રિયો તે તરફ આકર્ષાય છે. એ આકર્ષણથી દોરવાએલા એ જીવો તે વિષયોને ભોગવે છે. સૂક્ષ્મદેહની ઇન્દ્રિયોદ્વારા વિષય સંબંધ થતાં તેમને સુખ દુઃખની ભાવના પણ થાય છે. આ ભાવના જ્યારે પ્રથમ થવા માંડે છે ત્યારે તે એવી હોય છે કે તેની તેમને સ્મૃતિ પણ રહેતી નથી.

સુખદુઃખઃ—સુખ અને દુઃખ જાણે બાહ્યવસ્તુમાંજ હોય એમ સામાન્ય રીતે મનાય છે, પણ ખરૂં જોતાં તેમ નથી. સુખદુઃખની ભાવના, આપણને અને વિષયને જે સંબંધ થાય છે તે સંબંધમાં રહેલી છે. કોઈપણ વસ્તુ પોતે સુખ પણ આપતી નથી કે દુઃખ પણ આપતી નથી; તેમજ એ સુખદુઃખ જીવમાં પણ રહેલાં નથી. જીવનો અને વિષયોનો સૂક્ષ્મદેહ દ્વારા સંબંધ થાય છે ત્યારે તે સંબંધમાંથીજ એ ભાવના ઉપજે છે. આ સંબંધથીજ સુખદુઃખ થાય છે એ વાત શાસ્ત્રસંમત છે. ત્યાં કહ્યું છે કે,

विषयाणामान्नुकूल्ये सुखं दुःखं विपर्यये ।

વિષયના આનુકૂલ્યથી સુખ થાય છે અને તેના પ્રાતિકૂલ્યથી દુઃખ થાય છે. વિષયોનું આ આનુકૂલ્યપ્રાતિકૂલ્ય શું છે તે સમજવા માટે, સ્વાર્થાવબોધનનો વિચાર કરવો જોઇએ.

સ્વાર્થાવબોધનઃ—અર્થ એટલે કોઇ પણ ઇન્દ્રિયનો વિષય, કોઈ પણ વિષય જેનું જ્ઞાન થઇ શકે છે તે. કેટલાક કહે છે કે, ઇન્દ્રિયનો તેના વિષય સાથે સંબંધ થવાથી, એ સંબંધને પરિણામે, સૂક્ષ્મદેહમાં જે પ્રથમ સંસ્કાર પડે છે તે **અર્થ**. એવા સંસ્કાર થયા છે એમ જાણવું તે અવબોધન. જુદી જુદી ઇન્દ્રિયો પોતાના વિષયના સંબંધમાં આવે છે ત્યારે તેથી જે જ્ઞાન થાય છે તે બધું સ્વાર્થાવબોધન છે. બીજી રીતે કહીએ તો આપણામાં રહેલી દગ્શક્તિ ચિત્ત રૂપે ઇન્દ્રિય દ્વારા નીકળી વિષયની દગ્શક્તિ સાથે મળી વિષયાકાર પરિણામ પામે છે ત્યારેજ આપણને જ્ઞાન થાય છે. ચિત્તની વિષયાકાર વૃત્તિથી થતું જ્ઞાન તેજ સ્વાર્થાવબોધન. અહિ ઇન્દ્રિય અને તેના વિષયને જે સંબંધ થાય છે તે **સ્પર્શ** કહેવાય છે. વસ્તુ માત્રના પરમાણુઓ ગતિમાં છે. એ ગતિના પ્રમાણમાં ભેદ હોવાથી વસ્તુની અવસ્થામાં ભેદ પડે છે. આ ગતિરૂપ

જે ક્ષોભ અથવા સ્પંદ વસ્તુ માત્રમાં નિરંતર થયાં કરે છે, તેમાંના કેટલાક ક્ષોભ આપણને દૃશ્ય છે અને કેટલાક અદૃશ્ય છે. કેટલાક ક્ષોભ અદૃશ્ય રહેવાનાં બે કારણ છે. એ ક્ષોભની જે ગતિ છે તે એકતો એવી હોય કે જે ક્ષોભ આપણને દૃશ્ય છે તેના કરતાં બહુ ધીમી હોય, અને બીજી એવી હોય કે એ સામાન્ય રીતે દૃશ્ય ક્ષોભની ગતિ કરતાં તે બહુજ ત્વરિત હોય. અમુક એક મર્યાદાથી લઇ અમુક બીજી મર્યાદા સુધીની ગતિ મનુષ્યને દૃશ્ય હોય છે. તે મર્યાદાની બહારની એટલે તેના કરતાં અત્યંત ધીમી કે અત્યંત ત્વરિત ગતિ મનુષ્યને અદૃશ્ય રહે છે. હવે સ્થૂલશરીર દ્વારા સૂક્ષ્મશરીરને જ્યારે કોઇ વિષય સાથે ઇન્દ્રિય સંબંધ થાય છે, કોઈ માત્રાસ્પર્શ થાય છે, ત્યારે તે બેની, સૂક્ષ્મ તથા સ્થૂલ દેહોની, તથા તે વિષયની એ બધી ગતિ જો એક બીજાને સજાતીય હોય, એક સરખી હોય, તો સુખ થાય છે. એ જો એક બીજાથી વિજાતીય હોય, એક સરખી ન હોય, તો દુઃખ થાય છે. આ ક્ષોભો જો સજાતીય હોય તો વિષયનું આનુકૂલ્ય છે, એમ કહેવાય છે. માટેજ વળી શ્રી કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે,

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्णसुखदुःखदाः ।

આટલે સુધી સુખ દુઃખ શું છે તેટલું સમજી લીધા

પછી હવે પાછા બાલજીવની પ્રથમ ભૂમિકાનો વિચાર કરીએ.

એ જીવોને પ્રથમ તો માત્ર વિષયસ્પર્શજ થાય છે. તેમ થતાં થતાં તેથી જે સુખ દુઃખ થાય છે તેની લાગણી પણ થાય છે. એ લાગણી જ્યારે અનુભવાય ત્યારે તેટલી વારજ તેનું ભાન રહે છે. તે પછી તેનું ભાન પણ તેમને રહેતું નથી. આ પ્રમાણે થતાં થતાં જ્યારે એ સુખ દુઃખની લાગણી ઘણીવાર અનુભવાય છે ત્યારે તેનું કાંઈક સ્મરણ રહે છે. ત્યાર પહેલાં એ સુખ દુઃખ શાથી થાય છે તે પણ તેઓ સમજતા હોતા નથી. એટલે અમુક વિષયથી સુખ થાય છે કે દુઃખ તે પણ તેઓ જાણતા નથી. આ સ્થિતિમાતો તેઓ માત્ર બાહ્ય વિષયોથીજ આકર્ષાય છે. વિષયનેજ આધીન રહે છે. એમ થતાં થતાં ઘણા જન્મો થયા પછી વિષય અને તેથી થતાં સુખ દુઃખ વચ્ચેનો સંબંધ કાંઇક સમજાવવા માંડે છે. પ્રથમ તો માત્ર સ્પર્શજ્ઞાનજ હોય છે. પણ જેમ જેમ એ સ્પર્શ થતા જાય છે તેમ તેમ તેથી થતા સંસ્કારો વધતા જાય છે. એ સંસ્કારો જેમ જેમ ફરી ફરીને થાય છે તેમ તેમ તે વિશેષ દૃઢ થતા જાય છે. એમ થતાં સ્મૃતિ જેવું કાંઇક સ્ફુરે છે. આવા અનુભવ થતાં થતાં તેને ભાન થવા માંડે છે કે અમુક સ્પર્શથી અમુક લાગણી ઉત્પન્ન થાય છે. પ્રથમ

જ્યાં માત્ર એટલીજ ભાવના થતી હતી કે " મને સુખ થયું " ત્યાં હવે એમ થવા માંડે છે કે "આથી મને સુખ થયું" અને " આથી મને દુઃખ થાય છે. " પ્રથમ લાગણી માત્ર સ્પર્શથીજ થાય છે ત્યાર પછીની લાગણીમાં ' મને ' એટલું વિશેષ ભાન થયું છે. એજ સ્વાર્થાવબોધનું ચિન્હ છે. આ સંસ્કારોની પ્રેરણાથી બાહ્ય વિષયની તૃષ્ણા થાય છે અને તેને અધીન તે વિષયભોગમાં દોરવાય છે. જે સમયે જે તૃષ્ણા થાય છે તે સમયે તેને સંતોષવી એજ તેનું કર્તવ્ય છે. એમાં પાપપુણ્યનો તો હજી વિચાર જ આવતો નથી. એ જીવમાં જે સ્મૃતિ છે તે એવી ન્યૂન છે કે તેથી તેનામાં અગમચેતી જેવું કાંઇ હોતું નથી. પણ ધીમે ધીમે અગમચેતના પણ થતી જાય છે. કેટલાક જંગલી લોક એવા હોય છે કે રાતના ટાઢ વાય માટે ધાબળીની જરૂર પડે ત્યારે તે ધાબળી ખોળવા નીકળે છે. પણ એકવાર તેનું કામ પાર રહ્યું, સવાર પડી, કે પછી તેને નજીવી ગણી કોઇને આપી દેતાં તેઓ અચકાતા નથી. તેમને એટલું ભાન રહેતું નથી કે, પાછી સાંજ પડશે ત્યારે ધાબળીનો ખપ પડશે. પણ આવી સ્થિતિ અનુભવતાં અનુભવતાં કાંઈક અગમચેતી સ્ફુરે છે, અને પછી તે એ ધાબળી એ પ્રમાણે આપી દેતા નથી. જુદા જુદા સંસ્કારો શાથી થાય છે, એ સંસ્કારોની તેને શું અસર થાય છે

એ જેમ જેમ સમજાતું જાય છે, તેમ તેમ તેની સ્મૃતિ કાંઇક દૃઢ થતી જાય છે અને તૃષ્ણાઓ પણ દૃઢ થાય છે. એમ કરતાં કરતાં તે કાંઈક વિચાર જેવી ક્રિયા કરવા માંડે છે. જુદા જુદા વિષયના સંબંધ થતાં જે જે ભોગ થાય છે તેને એક બીજા સાથે સરખાવવા માંડે છે. એમાંથી કયા સરકાર એક સરખા છે, કયાથી એક સરખી લાગણી થાય છે, અને કયા જુદા છે, તેમાં ભેદ શું છે એ કાંઈ કાંઇ સમજાતું જાય છે. આજ, વિચારનાં પ્રથમ અંકુર છે. એને પરિણામે તે નિશ્ચય કરે છે કે અમુક વિષયથીજ સુખ થાય છે અને અમુકથીજ દુઃખ થાય છે. આ પ્રમાણે રાગદ્વેષ ઉપજી અનેક પ્રકારની તૃષ્ણાઓનું પ્રાબલ્ય વધતું જાય છે. એ તૃષ્ણાઓને અધીન રહી કાર્ય માત્રમાં યોજાતાં તેને લાગે છે કે સૃષ્ટિમાં કાંઇક અખંડ નિયમો છે. હજી પણ સારા માઠાનું તો તેને ભાનજ નથી. જેથી સુખ થાય તે સારૂંજ ગણાય છે. આટલું છતાં શ્રેય અને પ્રેય એ બે તેને તો એકજ છે. જે સારૂં લાગે, પ્રિય લાગે, તેજ યોગ્ય ગણાય છે. આમ થતાં પણ એક સ્થિતિ એવી થાય છે કે જ્યારે તેને લાગે છે કે તૃષ્ણાઓના દોરવાયલા દોરવાવવું યોગ્ય નથી. આવું થાય છે ત્યારથી તેના હૃદયમાં એક પ્રકારનું યુદ્ધ થવા માંડે છે. એક પાસા તેનું મન તૃષ્ણાથી દોરવાઈ બાહ્યવિષય તરફ દોરવાય છે; બીજી પાસા એ

યોગ્ય નથી એવું કાંઇક પણ થવા માંડે છે. આમ થવા માટે આ પ્રથમ ભૂમિકામાંથી દ્વિતીય ભૂમિકામાં જવાને તે તૈયાર થયો હોય છે.

અંતઃકરણ—બાલજીવોને સ્થૂલસૃષ્ટિના વિષયો સાથે સંબંધ થઇ તેમાંથી જે જ્ઞાન થાય છે તેનો જે ક્રમ ઉપર આપણે જોયો તે, અંતઃકરણની જુદી જુદી વૃત્તિઓના વિકાસનોજ ક્રમ છે. જેથી વિષય સંબંધ થાય છે તે અંતઃકરણની ચિત્ત નામની વૃતિ છે. ઇન્દ્રિયદ્વારા અંતઃકરણને બાહ્યવિષયો સાથે સંબંધ થતાં તેમાં જે પરિણામ થાય છે, જે વૃત્તિ સ્ફુરે છે, તેને ચિત્ત કહે છે. "આ અન્ન છે" એમ થવું એ ચિત્તનો ધર્મ છે; "આ અન્ન છે એવું જ્ઞાન થયું" એમ જાણવું એ મનોધર્મ છે, અને "આ અન્ન છે એવું જ્ઞાન મને થયું" એમ થવું એ અહંકારનો ધર્મ છે; અને "આ અન્ન છે એવું મને જ્ઞાન થયું તે યથાર્થ છે', એવો નિશ્ચય થવો એ બુદ્ધિધર્મ છે. ચિત્ત અને અહંકાર એ બેઉ મનોધર્મનાજ પ્રકાર છે, એમ ગણી કેટલાક અંતઃકરણની બેજ વૃત્તિઓ માની તેને મન અને બુદ્ધિ એમ દ્વિધાજ ગણે છે. આ ઉપરથી સમજાય છે કે માત્રા સ્પર્શ અથવા વિષયાનુસંધાન, સ્વાર્થાવબોધન, અને વિવેક એ પ્રમાણે જે ક્રમ ઉપર કહ્યો તે અંતઃકરણના ધર્મોના પ્રથમ સ્ફુરણનોજ ક્રમ છે. પ્રથમ એટલા માટે કે એ

સ્ફુરણ બાલજીવોમાંજ આરંભ થાય છે, પણ એમાં એ કાંઇ સંપૂર્ણ થયો નથી. એ પ્રાથમિક અવસ્થામાં પણ માત્રાસ્પર્શ, વિષયાનુસંધાન. અથવા ચિત્ત ધર્મનું પ્રાધાન્ય છે, અને બીજા ધર્મો ગૌણપણે રહેલા છે

દ્વિતીય ભૂમિકા—પ્રથમ ભૂમિકાના જીવોમાં-બાલજીવોમા-સ્પર્શ અને સ્વાર્થાવબોધનનો સંપૂર્ણ વિકાસ થયો હોય છે. તેથીજ તેઓ દ્વિતાય ભૂમિકા પ્રાપ્ત કરે છે. એ દ્વિતીય ભૂમિકામાં પુર્વે સગ્રહ કરેલા સંસ્કારોપર ક્રિયા થવા માંડે છે. પ્રથમ ભૂમિકામાં તેઓ બાહ્યવિષયોથીજ આકર્ષાઇ કાર્યમાત્ર કરતા હતા. પણ તેમનામાં ત્યાં આંતપ્રેરણા જેવું કાંઈ બહુ નહતું. બાહ્યવિષયના સંબંધથી અંતરમાં અસર થતો; પણ પ્રથમ આંતરૂક્રિયા થઇ બાહ્ય પ્રવૃત્તિ થઈ એ શક્તિ તેમનામાં નહિ જેવી હતી. એ આંતરૂક્રિયા અંદર પ્રથમ થવા માંડવી એ આ દ્વિતીય ભૂમિકાનું કાર્ય છે. આ ભૂમિકા પ્રાપ્ત થયા પહેલાં એ ક્રિયા થવા માંડતી નથી એમ કહીએ તોપણ ચાલે. સ્પર્શ અને સ્વાર્થાવબોધનથી થતા સંસ્કારોમાંથીજ, તેના પરિણામ રૂપેજ, આ ક્રિયા-આંતરૂક્રિયા-થવા માંડે છે. અને એકવાર સ્ફુર્યો પછી દૃઢ થવા માંડે છે. આંતરસ્ફુરણની દૃઢતા આ દ્વિતીય ભૂમિકાનું વિશેષ કાર્ય છે. એ પ્રાપ્ત થઇ રહેતાં તૃતીય ભૂમિકા પ્રાપ્ત કરવાનો અધિકાર

થાય છે. પ્રથમ ભૂમિકામાં પ્રાપ્ત કરેલા સંસ્કારોને આ દ્વિતીય ભૂમિકામાં એ જીવો એક બીજા સાથે સરખાવે છે, તેમાં શું શું વિશેષતા રહેલી છે તે તેઓ જુએ છે. તેમનું પૃથક્કરણ કરી જુએ છે. એમ કરતાં જે નિયમો સમજાય છે તે સમજી લે છે. ચિત્ત અને અહંકારનો વિકાસ તો થએલોજ હોય છે. અહિં મનની શક્તિઓ ખીલવા માંડે છે. એ મનનો ધર્મ સંકલ્પ વિકલ્પ કર્યા છે. સ્પર્શજ્ઞાનના સંસ્કારોને પરસ્પર સંબંધ શું છે, એ માંથી શા શા નિયમો જડે છે, એ બધું જોવાનું કાર્ય આ મનનું છે. આનેજ વિવેક કહે છે. એના બીજ પ્રથમ ભૂમિકામાં હતાંજ, પણ એ હવે અહિં અંકુર રૂપે ખીલે છે. એને પરિણામે જીવમા અહંમમત્વ સ્ફુરે છે. આ હું અને આ બીજું, એવી ભેદબુદ્ધિ દૃઢ થાય છે. આ ભેદબુદ્ધિ અંતે તો નકામીજ છે, પણ આ સ્થિતિમાં તે બહુ ઉપયુક્ત છે. એવી ભેદબુદ્ધિ થયા વિનાં જીવત્વ દૃઢ થતું નથી અને જીવત્વ દૃઢ થયા વિના અનુભવના સંસ્કાર દૃઢ થતા નથી. પણ એની ઉપયુક્તતાની પણ મર્યાદા છે. જ્યાં સુધી એનો ઉપયોગ છે ત્યાં સુધી એ કામની છે—ઇષ્ટ છે; ઉપયોગ પૂરો થતાં તે નકામી, અનિષ્ટ, છે. આ ભેદબુદ્ધિની સાથેજ પાપ પુણ્યનો વિચાર પણ ઉદ્ભવે છે.

પાપપુણ્ય:—આ બે શબ્દ અન્યોઅન્યની અપેક્ષા

રાખે છે. જ્યાં પાપની ભાવના હોય ત્યાંજ પુણ્યની ભાવના પણ સંભવી શકે. એ પાપ પુણ્ય શું છે તે કાંઇક અંશે સમજી રાખવું બહુ જરૂરનું છે. પ્રથમ ભૂમિકામાં સ્વાર્થાવબોધથી એવી સ્થિતિ થઇ હતી કે, સુખ શાથી અને દુઃખ શાથી થાય, તે કાંઇક સમજાવા માંડયું હતું. આ પ્રમાણે સમજાયા પછી જ્યારે દ્વિતીય ભૂમિકા પ્રાપ્ત થાય છે ત્યારે સુખદુઃખને તેમના વિષયો સાથે શું સંબંધ છે, તે સમજાતું જાય છે. એ સંબંધ સમજાયાથી, જેથી સુખ થાય તે ગ્રાહ્ય અને દુઃખ થાય તે ત્યાજ્ય, એવી ભાવનાઓ પણ થાય છે. આ નિયમ સમજાતાં મનુષ્ય પોતાની કામનાઓને વશ ન થતાં તેમને જરા પોતાને વશ કરવા પ્રયત્ન કરે છે, જે જીવ પૂર્વે કામનાઓને વશ હતો તે હવે કામનાઓને પોતાને વશ કરવા માંડે છે. આમ કરતાં કરતાં સમજાય છે કે સુખદુઃખની ભાવના પણ સત્ય નથી. કેટલીક વસ્તુ એવી છે કે જે પ્રથમ સુખ આપી અંતે દુઃખ આપે છે. અને કેટલાંક દુઃખ પ્રથમજ દુઃખરૂપ હોઇ પરિણામે સુખ આપે છે. સુખ દુઃખનો આવો વિવેક કરતાં વસ્તુમાત્રની ગ્રાહ્યતા કે ત્યાજ્યતાના તેના વિચાર ફેરવાય છે. જે વસ્તુ પરિણામે સુખ આપે છે તે પ્રામાણ્ય-ગ્રાહ્ય છે, અને જે પરિણામે દુઃખ ઉત્પન્ન કરે છે તે ત્યાજ્ય છે, આવો નિયમ થાય

છે. આમ થતાં વિષયપ્રતિ જતી ઇન્દ્રિયોને તે અંતર્મુખ કરવા માંડે છે. આ કાર્ય કેટલેક અંશે દૃઢ થતાં સુખ દુઃખની તેની ભાવના વિશેષ વિકાસ પામે છે, અને તેને જણાય છે કે, કેટલાંક સુખ નિત્ય છે અને કેટલાંક અનિત્ય છે; અને એમાંનું નિત્ય સુખજ પ્રાપ્તવ્ય છે. અંતે તે એવો નિશ્ચય કરે છે કે, જેથી નિત્યસુખ મળે છે તેથીજ તેની ઉન્નતિ થાય છે અને જેથી અનિત્ય સુખ મળે છે તેથી તેની અવનતિ થાય છે. આવો વિચાર થયા પછી એક મહાસૃષ્ટિનિયમ સમજાય છે; તે એ કે, જેથી વૃદ્ધિ થાય, ઉન્નતિ થાય, તે પુણ્ય; જેથી અવનતિ થાય તે પાપ. આ પ્રમાણે પાપપુણ્યનો નિશ્ચય થાય છે.

જીવ માત્રમાં સંસ્કાર ભેદે એવી વિશેષતા રહેલી છે કે એકજ નિયમ સર્વને એક સરખી રીતે લાગુ પડી શકતો નથી, આથીજ જુદી જુદી સ્થિતિનાં, જુદા જુદા અધિકારનાં, મનુષ્યો માટે પાપ પુણ્ય જુદાં જુદાં હોય છે. જેથી એકને પુણ્ય થાય છે તેથી બીજાને પાપ લાગે છે. આ વાત સમજાતાં કર્તવ્યનિર્ણય થાય છે. કર્તવ્ય શું છે? અકર્તવ્ય શું છે? અને તે કોને માટે? એનો નિર્ણય કરતાં વર્ણાશ્રમ, કે તેના જેવી કોઇ, વ્યવસ્થા થાય છે. આવી વ્યવસ્થા હિંદુઓમાંજ છે, અને બીજે કહીં નથી એમ નથી.

સર્વ દેશકાલમાં આવી વ્યવસ્થા હોય છે, પણ તેનાં સ્વરૂપમાં દેશકાલને અનુસાર કાંઇ કાંઇ ભેદ હોય છે.

આ બધું કાર્ય કરવા માટે અનેક જન્મો લેવાની જરૂર પડે છે. એકજ જન્મમાં આ કાર્ય થઇ શકતું નથી. આપણી મનુષ્ય જાતિ આજ આ ભૂમિકાપર છે. આપણામાં આ મનનો વિકાસ થતો ચાલે છે. માટેજ ભેદ ભાવ અને વિરોધ સર્વત્ર દેખાય છે. એ યોગ્યજ છે. છતાં જીવમાત્ર કાંઇ એક સરખા અધિકારના નથી. અર્થાત્, આજ પણ આપણામાં કેટલાક એવા જીવો છે, એવા ધીરવીરો છે કે જેઓ તૃતીય ભૂમિકામાં આપણી જે સ્થિતિ થવાની છે તેનું ભાન આપણને કરાવે છે.

આ દ્વિતીય ભૂમિકામાં ત્યારે આપણને જે કાર્ય કરવાનું છે તે આ છે. વિચારશક્તિ, મન, નો વિકાસ કરવાનો છે. તેની સર્વ શક્તિઓ ખીલવવાની છે, તેને પરિણામે ભેદબુદ્ધિ ઉદ્‌ભવી તે દૃઢ થવાની છે. એ ભેદ બુદ્ધિ જે અહંમમત્વ રૂપે સ્ફુરે છે, તેને પરિણામે જીવનના ઝઘડામાં અનેક પ્રકારના કલહો ઉપજવાના છે. પ્રથમ ભૂમિકાની કામનાનું પ્રાબલ્ય ઓછું કરી તેને ઇચ્છા શક્તિના અંકુશમાં લાવવાની છે. એ બધું કાર્ય એટલા માટે કરવાનું છે કે તે દ્વારા તૃતીય ભૂમિકા પ્રાપ્ત કરવાનો અધિકાર થાય.

તૃતીય ભૂમિકાઃ—આ તૃતીય ભૂમિકાપર જે કાર્ય કરવાનું છે તે બુદ્ધિનો વિકાસ છે. દ્વિતીય ભૂમિકામાં મનોવિકાસ થયો હોય છે. એ વિકાસ થતાં થતાં મન એવી સ્થિતિએ પહોંચે છે કે, એથી જે **અહંમમત્વ-ભેદબુદ્ધિ**-ઉઠે છે તે બહુ દૃઢ થાય છે. એ દૃઢતા અમુક હદ સુધી પહોંચતાં મનુષ્યને સમજાય છે કે એ ભેદબુદ્ધિ પણ ઘણા અનર્થનું કારણ છે. આથી કરી એ ભેદબુદ્ધિ અનિષ્ટ છે, એમ ગણાવા માંડે છે. આવા મનુષ્યની કામનાઓ તો ઘણે અંશે દબાઈ ગઈ હોય છે. તેની ઈચ્છાશક્તિનું પ્રાબલ્ય વધે છે. આમ થતાં ભેદભ્રમ પણ ઓછો થવા માંડે છે, અને અભેદ પ્રતિ દૃષ્ટિ દોરવાય છે. બુદ્ધિ દ્વિતીય ભૂમિકામાં હતીજ નહિ એમ તો નહતું. પણ હવે અહિં એ બુદ્ધિ પોતાનો પ્રકાશ મનપર પાડી તેને યોગ્ય રીતે વશમાં રાખે છે. આમ કરતાં કરતાં એક સ્થિતિ એવી થાય છે કે જ્યારે, આવા જીવની મમતા મોળી પડે છે, સ્વાર્થવૃત્તિઓ વિરામે છે, અને પરમાર્થ જેવું કાંઈક છે એમ સમજાય છે. પરમાર્થદૃષ્ટિ સતેજ થતાં અભેદભાવના દૃઢ થતી જાય છે અને તેથીજ તે મનુષ્ય સ્વાર્પણ કરવા પર્યન્ત તત્પર રહે છે. તેનું મન જે પૂર્વે બહિર્મુખ હતું તે હવે અંતર્મુખ થાય છે. અનિત્ય પદાર્થ પરનો પ્રેમ અનિત્ય હોવાથી તે અનિષ્ટ લાગે છે; અને

તેની વૃત્તિઓ આત્માપ્રતિ વળે છે. હૃદયના ભાવો શુદ્ધ થાય છે. સર્વત્ર પ્રેમનીજ ઝાંખી થાય છે. આમ થતાં થતાં, અભેદમાં દૃઢ થઇ, પ્રેમમાં પૂર્ણ થઇ, અને ભક્તિ રસમાં નિમગ્ન થઇ રહેવાની શક્તિ આવતાં, જીવ આ તૃતીય ભૂમિકાથી પણ આગળ જવાનો અધિકાર પ્રાપ્ત કરે છે.

આ તૃતીય ભૂમિકામાં જે કાંઇ પ્રાપ્ત કરવાનું છે તે સિદ્ધ થયાથી જે સ્થિતિ થાય છે તે એવી ભવ્ય છે કે તેનું ભાન થવું બહુ દુર્લભ છે; તો પછી એથી પણ પર એવી ભૂમિકાઓનું તો કહેવુંજ શું ? એનો મહિમા એવો અલૌકિક છે, એની ભવ્યતા એવી અતિમાનસિક છે કે, એની કલ્પના કરવી પણ અહિ અશક્ય છે. અહિ સુધી મનુષ્યના વિકાસક્રમની ભૂમિકાઓનું જે દિગ્દર્શન કરાવ્યું છે, અને તેમાં જે કર્તવ્ય આપણી દૃષ્ટિ સમીપ રાખવા યોગ્ય કહ્યું છે, તેજ એવું છે કે, એ તરફ દૃષ્ટિ દૃઢ કરી હાલ તેટલુંજ થાય તો બસ છે.

૩ સંસારયાત્રાથી શ્રેય શો ?

આટલો વિચાર કર્યા પછી આ પ્રશ્નનો અવકાશજ નથી. છતાં એનો વિચાર કરવાનું પ્રયોજન એ છે કે, જે જે અહિં સુધી કહેવાયું છે તેનું સંક્ષેપમાં પુનરાવર્તન થતાં તે દૃઢ થાય, અને તેમ થતાં જે વિચાર કરવાનો બાકી રહે તે કરી લેવાય, અને તેથી એ વિષય વિશેષ સ્ફુટ થાય.

ઉપર આપણે જોઈ ગયા કે જીવાત્માની ઉત્પત્તિ તેના દેહની ઉત્પત્તિ થયા પછીજ થાય છે. પ્રથમ સ્થૂલદેહ ઉત્પન્ન થાય છે. તેમાં દેવપ્રવેશ થઈ સૂક્ષ્મશરીર ઉત્પન્ન થાય છે. એજ શરીરને કામરૂપ પણ કહે છે; કારણ કે કામના એ દેહદ્વારાજ સ્ફુરે છે. રાગદ્વેષ વિગેરે અશુદ્ધ મનોભાવોનું સ્થાન એજ છે. આ બે ઉત્પન્ન થયા પછીજ જીવાત્માની ઉત્પત્તિ કહી છે. આ બે દેહ જીવાત્માના માતૃપક્ષના વિકાર છે, અને સાક્ષાત્ પરમાત્મા શ્રી તેના પિતાને સ્થાને છે. એ બેમાંથી જીવાત્માની ઉત્પત્તિ છે. બાપ તેવા બેટા, એ સૃષ્ટિનિયમજ છે. એટલે આ જીવાત્મામાં પણ, સચ્ચિદાનન્દ બ્રહ્મમાં જે ત્રિપુટી રહેલી છે તેનાં બીજ છે. એ ત્રિપુટીના ત્રણે અંશો વિકાસ પામી, જીવાત્મા પરમાત્મા થઈ રહે એજ સંસારયાત્રાથી થતો શ્રેય છે. તેમાં પ્રથમ ભૂમિકામાં બ્રહ્મના ચિદંશનું બીજ વિકાસ પામવા માંડે છે. તેનો વિકાસ દ્વિતીય ભૂમિકામાં દૃઢ થઇ ચિત્ત અને અહંકાર સ્ફુરી દૃઢ થઇ મનનો વિકાસ થાય છે. એ મનનો સંકલ્પાત્મક ધર્મ દૃઢ થાય છે. તૃતીય ભૂમિકામાં અહંકારના દૃઢતા થઇ સંકલ્પાત્મક મનોધર્મ સાથે મનનો વિકલ્પધર્મ પણ દૃઢ થાય છે. આમ થતાં તે જીવાત્મામાં સર્જનશક્તિ આવે છે. આમ થતાં જે સ્થિતિ થાય છે તે સંસારયાત્રાનો અંત છે. સંસારયાત્રાનો આ ક્રમ આપણે કાંઇક

અંશે જોયો. હવે એ ક્રમમાં જે ઉન્નતિ થાય છે તેનો માર્ગ કેવો છે તેનો વિચાર કરીએ.

પુનર્જન્મ:—જીવાત્માને જે કાંઇ કરવાનું છે તે એકજ જન્મમાં થઇ શકે નહીં. જે જે ભોગો તેને ભોગવવાના છે તે એટલા અને એવા છે કે, તે સર્વને માટે એકજ જન્મમાં અવકાશજ નથી. તેમજ એકનું એક કાર્ય નિરંતર થયા કરતુ કદી દીઠામાં આવતું નથી. વસ્તુ ગતિજ એવી છે કે, પ્રવૃત્તિ પછી નિવૃત્તિ, દિવસ પછી રાત્રિ, શ્રમ પછી વિશ્રામ, એમ ઘટીયંત્રન્યાયે સંસારચક્ર ભમ્યાંજ કરે છે. આ નિયમ જો સૃષ્ટિમાં સર્વત્ર જોવામાં આવે છે તો મનુષ્ય તેથી મુક્ત છે એમ માનવાનું કાંઈ કારણ નથી. એ નિયમને વશ થઇ જીવાત્માને જન્મ, મરણ, વળી પાછો જન્મ અને તે પછી મરણ એમ જન્મ મરણને આધીન થવું જ પડે છે એમાં અમુક જન્મકાલમાં જીવાત્મા પુર્વજન્મમાં જ્યાંથી અટક્યો હોય ત્યાંથી આગળ વધવા માંડે છે. પ્રારબ્ધાનુસાર પ્રાપ્તજન્મના સંજોગમાં રહી પુરૂષાર્થ કરતાં તે જન્મનું આરંભક પ્રારબ્ધ જ્યારે ક્ષીણ થાય છે ત્યારે તે સ્થૂલદેહથી મુક્ત થઇ, સૂક્ષ્મદેહમાં અમુક કાલ પર્યંત તેની સ્થિતિ થાય છે. આ પ્રમાણે તેની જે ગતિ થાય છે તે પણ કર્માનુસારજ હોય છે. આ મરણોત્તર સ્થિતિમાં તેને જે મુખ્ય કાર્ય કરવાનું છે, તે એ છે

કે, જન્મકાલમાં જે જે સંસ્કારોનો સંગ્રહ થયો હોય છે તેની યોગ્ય યોજના કરી તેમાંથી જે સત્વ કાઢવાનું હોય તે કાઢી, આવતા જન્મને માટે તૈયારી કરવી. માટેજ કહ્યું છે કે, સર્વ કોઈ પોતપોતાના કર્માનુસાર સ્વર્ગનું સુખ ભોગવી, જે કર્મને અનુસાર એ ભોગ થાય છે તે ક્ષીણ થતાં, પાછા અવતરે છે. પછી એમ થતાં થતાં જ્યારે અવતાર આપનાર કશી વાસનાનું બંધન રહેતું નથી ત્યારે તેનો મોક્ષ થાય છે; પુનર્જન્મની રેંટમાલથી તે છુટે છે.

કર્મ—પુનર્જન્મનો આધાર કર્મપર છે. કર્મ એટલે શું? જે જે ક્રિયા થાય છે, તે—કાયિક, વાચિક, અને માનસિક એ બધી—કર્મ કહેવાય છે. મનુષ્ય અનેક પ્રકારનાં કર્મ કરે છે. એ બધાં કર્મોના જુદી જુદી દૃષ્ટિથી જુદા જુદા વિભાગ પાડવામાં આવે છે. તે પ્રમાણે કર્મના પકવાપકવ હોવા તથા તેના કાલના પરથી તેના પ્રારબ્ધ, સંચિત, અને ક્રિયમાણ એવા વિભાગ છે. જે હેતુથી કર્મ કરાય છે તેપરથી તે સકામ કે નિષ્કામ કહેવાય છે. વળી નિત્ય, નૈમિત્તિક, કામ્ય એવા ભેદ પણ છે. આ ઉપરાંત બીજા પણ કેટલાક પ્રકાર છે. જેવા કે વ્યષ્ટિનાં કર્મ અને સમષ્ટિનાં કર્મ. અહિં આપણને કર્મના પ્રકારો સાથે વિશેષ સંબંધ નથી માટે કર્મમાં બંધન કર્તા શું છે તેજ જોઇશું

ક્રિયા માત્ર એક પ્રકારની ગતિ છે; એટલે ગતિના નિયમ ક્રિયાઓને પણ લાગુ પડે છે. જ્યાં ક્રિયાનો નાશ થએલો દેખાય છે ત્યાં તે નાશ નથી પણ લય માત્ર છે; ક્રિયા અંતર્ભૂત થાય છે. તેનો નાશ તો સંભવેજ નહિ. એ અંતર્ભૂત ક્રિયાને અનુકૂળ પ્રસંગ મળતાં, તે પાછી આવિર્ભૂત થાય છે. જો પાણીમાં અમુક શક્તિ અંતર્ભૂત ન હોય તો, તે કોઇ પણ સાધનથી આવિર્ભૂત થઈ શકે નહિ. જો તેમ થતું હોય તો 'એન્જીન' ચલાવવા માટે પાણીને બદલે બીજી કોઈ વસ્તુ પણ ચાલી શકે; પણ તેમ બનતું નથી. એમજ જ્યારે જ્યારે ક્રિયા થાય છે ત્યારે ત્યારે તે ક્રિયાના સંસ્કાર આપણા સૂક્ષ્મદેહોમાં થાય છે અને તે તે સંસ્કાર રૂપે—અંતર્ભૂત—રહે છે. જ્યારે તેને યોગ્ય અભિવ્યંજક મળે છે, ત્યારે એજ સંસ્કારો ક્રિયારૂપે સ્ફુરે છે. આ સંસ્કારસમૂહને કર્માશય કહે છે. જ્યાં સુધી એ કર્માશય બન્યો રહે છે ત્યાં સુધી તેને યોગ્ય અભિવ્યંજક મળે, તે વાસનાઓ તૃપ્ત થાય, એવે સ્થાને તે જીવાત્માને ખેંચી લઇ જાય છે. આ પ્રમાણે કર્માનુસાર ગતિ થતી સમજાય છે. જીવાત્માનો જે જન્મ થાય છે, તે આ પ્રમાણે કર્મપર આધાર રાખે છે. માટેજ કહ્યું છે કે, મનુષ્ય કામનાઓથી પ્રેરાએલો કર્મ કરે છે, અને કર્માનુસાર ફલ ભોગવે છે. **यथाकारी यथाचारी तथा**

भवति જેવી કરણી, જેવા આચાર, તેવી સ્થિતિ–ગતિ.

કામના અને ઇચ્છા:—જે કામનાપર મનુષ્યની ગતિનો આટલો બધો આધાર છે તે શું છે? બાલજીવની સ્થિતિ વિચારતાં આપણે જોઈ ગયા છીએ કે બાહ્યવિષયથી આકર્ષાઈ તે કર્મમાત્ર કરે છે. બાહ્યવિષયના સ્પર્શથી સુખ દુઃખ અનુભવાઇ તેથી જે ભાવના ઉઠે છે તે કામના કહેવાય છે. એ કામના તે જીવાત્માને થતું બાહ્યાકર્ષણ છે. પણ એ આકર્ષણ કાંઇ સર્વદા રહેતું નથી. એક કાલ એવો પણ આવે છે કે જ્યારે એ કામનાઓનું પ્રાબલ્ય ઓછું થઇ જઈ, તેઓ આંતર્સ્ફુરણને વશ થવા માંડે છે. આમ થતાં કર્મનાં બંધન ઓછાં થતાં જાય છે. આ પ્રમાણે બાહ્યાકર્ષણ રૂપ ભાવના તે કામના છે, અને જે આંતર્સ્ફુરણા એ કામનાઓને અંકુશમાં રાખે છે તે જીવાત્માની સ્વતઃ પ્રવૃત્તિ છે. એ ઇચ્છા કહેવાય છે. એ ઇચ્છાનું સ્વાતંત્ર્ય તથા તેનું પ્રાબલ્ય જીવાત્માની ઉન્નતિના પ્રમાણમાં હોય છે.

પ્રારબ્ધ અને પુરૂષાર્થ:—મનુષ્યની જીવનયાત્રામાં જો તે કેવળ પ્રારબ્ધનેજ આધીન હોત તો પછી પુરૂષાર્થનો અવકાશજ ક્યાં રહ્યો? આ પ્રશ્ન પણ સહજ ઉઠે પણ જીવાત્માના સ્વરૂપપર જો આપણે બરાબર ધ્યાન રાખીએ તો એનો ઉત્તર સહજ મળે છે. જીવાત્મામાં જીવત્વ

અને આત્મત્વ એ બે અંશો રહ્યા છે; જીવત્વને લઇને કર્મબંધન છે, આત્મત્વને લઇને સ્વાતંત્ર્ય છે. મનુષ્ય જડ ચેતનાત્મક છે; જડ ભાગને લઇને બંધન છે, ચેતનને લઇને સ્વાતંત્ર્ય છે. એટલે એકજ જીવાત્મા સ્વતંત્ર અને પરતંત્ર બે છે, એમ કહી શકાય. એ બેમાનો એક અંશ જેમ સબલ થાય છે તેમ બીજો નિર્બલ થાય છે. કાંઇ પણ કાર્ય કરવાનું પ્રાપ્ત થાય છે, તે પ્રારબ્ધ વશાત હોય છે. પણ તે કરવુ કે નહિ તેનો યોગ્યાયોગ્ય વિચાર કરવાનો જો પ્રસંગ રહે તો તેટલે અંશે જીવાત્માનું સ્વાતંત્ર્ય છે. જો એવો પ્રસંગજ ન હોય તો તે કાર્ય કેવળ પ્રારબ્ધ પ્રાપ્ત છે. યદ્યપિ કોઇ જીવમાં આ સ્વતંત્રતા સંપૂર્ણ ન હોય, તદપિ જેટલે અંશે એ સ્વતંત્રતા રહેલી હોય તેનો ઉપયોગ કરવો એ તે જીવને હાથ છે. એક વખત આ જીવને નિશ્ચય થયો કે પછી તે દ્વારા થએલાં કર્મના ફલને સંબંધે તે પરતંત્ર છે. ત્યાં તેની ઇચ્છા અનિચ્છા નકામી છે. ત્યારે જે જીવને જેટલે અંશે આ સ્વતંત્રતા પ્રાપ્ત થએલી હોય, તેણે તેટલે અંશે તેનો ઉપયોગ કરી, તેની મર્યાદા વધારતા જવો, અને તેમ કરતાં સ્વતંત્રતાની ટોચે પહોંચી, જીવત્વથી મુક્ત થવું, આત્મ સ્વરૂપ થઇ રહેવું એજ કર્તવ્ય છે.

ઉપર આપણે કહી ગયા છીએ કે, બાલજીવોના ધર્મ

કર્મની વ્યવસ્થા માટે ઋષિ મુનિઓ અવતર્યા હતા. એ ઉચ્ચ સ્થિતિના જીવો ક્યાંથી આવ્યા હશે? જે જે મન્વન્તરોમાં, જે જે ઋષિ મુનિઓ જન્મે છે તેઓ પૂર્વ મન્વન્તરોમાં આપણા જેવાજ જીવો હતા. પોતાનું કર્તવ્ય શોધી લઇ, તેને અનુસાર યોગ્ય માર્ગ ગ્રહણ કરી, કૃતકૃત્ય થએલા એ પૂર્વે મન્વન્તરના મહાત્માઓ ઉત્તર મન્વન્તરમાં, પોતે પ્રાપ્ત કરેલી સર્વ શક્તિઓ સહિત અવતરે છે, ત્યારે તેઓ ઋષિઓ, બ્રહ્માના માનસપુત્રો કહેવાય છે. તેઓ નવા મન્વન્તરની મનુષ્યજાતિના પિતા છે. આ પ્રમાણે પૂર્વ મન્વન્તરના ઉત્કૃષ્ટ જીવો, ઉત્તર મન્વન્તરમાં ઋષિ મુનિઓ થાય છે. આપણે પણ એવાજ એક પ્રકારના જીવો છીએ. આપણે પણ એજ પુરાણે માર્ગે જઇ એમના જેવી સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવાનો અધિકાર આપવો એજ આ સંસારયાત્રાનું કાર્ય છે, અને એ અધિકાર એજ એથી થતો શ્રેય છે.

આપણું ભાવી આવું દિવ્ય છે. એ દિવ્ય ભાવીને સિદ્ધ કરી લેવા માટેજ આપણી પ્રવૃત્તિ માત્ર થવી ઘટે છે. આજ આપણે પરાધીન જેવા છીએ પણ એ પરાધીનતાથી છુટવાનો એક મહામંત્ર પરાપુર્વથી ચાલ્યો આવ્યો છે. તે આ છેઃ—

क्रतुमयः पुरुषो यथा क्रतुरस्मिल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत ॥ १ ॥
प्र. ३-खं-१४—छान्दोग्य.

મનુષ્ય જેનું ચિંતન કરે છે તેવોજ થાય છે; જેવી મતિ તેવીજ ગતિ; માટે (બ્રહ્મ) ચિંતન કર.

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

सर्वे जना स्सुखिनो भवन्तु ॥

અધ્યાત્મચંદ્રિકા:-

1. સ્વધર્મ.......................................૦-૧-૦
2. સંસારયાત્રા ૦-૧-૬
3. વિશ્વદર્શન.....................................હવે પછી
4. વર્ણાશ્રમ વિચાર.............................,,
5. અવતાર ....,,
6. અધ્યાત્મજીવન ....,,
7. કર્મ અને પુનર્જન્મ..........................,,

વિચારવા યોગ્ય કેટલાંક પુસ્તકો.

પુરાણી પ્રજા	૧-૪-૦
કર્મ, જ્ઞાન, અને ભક્તિ.............................	૦-૫-૦
ધર્મ અને હિંદુધર્મ...................................	૦-૬-૦
મુમુક્ષુનો માર્ગ.......................................	૦-૬-૦
હૃદયવાદ	૦-૪-૦
નિવૃત્તિનું સાધન	૦-૨-૦
કઠોપનિષદ	૦-૫-૦
મહાન મંદિરનો ચોક	૦-૧૨-૦
મહાભારત (સંક્ષેપ)................................	૦-૧૨-૦

પોસ્ટેજ જુદું.

સૂચના.

નીચેને સ્થળે મળશે.

અમદાવાદ—સેક્રેટરી, થિઓસોફિકલ સોસાઇટી,

ખંભાત—(યોજક પાસેથી) હાઇ સ્કૂલ.

સુરત—સનાતન ધર્મ સભા, ગોપિપુરા.

મુંબઇ—રા. રા. મનમોહનદાસ દયાળદાસ, ભૂલેશ્વર.

ધરમપોર—સેક્રેટરી, થિઓસોફિકલ સોસાઇટી.

કરાંચી—થિઓસોફિકલ સોસાઇટી.

ધી અ૦ યુનિયન પ્રિ૦ પ્રેસ કં૦ લિમિટેડમાં છપી